# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/73 Dt. 21/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સરસાણા ખાતે ત્રિ-દિવસીય 'યાર્ન એક્સ્પો-2026'નો ભવ્ય પ્રારંભ

## પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની વિશેષ ઉપસ્થિતિમાં ગિની દેશના રાજદૂત મિ. કોન્ટે અલાસ્સેનના હસ્તે ઉદ્‌ઘાટન

### ચીન સહિત દેશ-વિદેશના 88 એક્ઝિબિટર્સ જોડાયા: દેશના 65% MMF ફેબ્રિક્સનું ઉત્પાદન કરતા સુરતને ઝીરો ડિફેક્ટ અને રિસાઈકલ્ડ ટેક્સટાઇલ તરફ વળવા આહ્વાન

### ગિની દેશમાં ટેક્સટાઇલ રોકાણ અને સંપૂર્ણ વેલ્યુ ચેઇનની વિપુલ તકો ઉપલબ્ધ: રાજદૂત શ્રી કોન્ટે અલાસ્સેન

### પીપલ, પ્લેનેટ અને પ્રોફિટ: સુરતના ઉદ્યોગકારો કાર્બન ક્રેડિટ અને રિસાયક્લિંગ અપનાવે: IAS હીરા લાલ પટેલ

સુરત, 21 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) તથા ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર (GFRRC)ના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. 21 ઓગસ્ટ 2026ના રોજ સવારે 10:00 કલાકે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે આયોજિત ત્રિ-દિવસીય 'યાર્ન એક્સ્પો-2026'નો ભવ્ય આરંભ થયો છે. આ એક્સ્પોનું ઉદ્‌ઘાટન પૂર્વ કેન્દ્રિય મંત્રી શ્રીમતી દર્શના જરદોશ અને દક્ષિણ આફ્રિકાના ગિની દેશના રાજદૂત શ્રી કોન્ટે અલાસ્સેનના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

સરસાણા સ્થિત ઉષાકાંત મારફતિયા હોલ ખાતે યોજાયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, ઉત્તર પ્રદેશ સરકારના નેશનલ ઇન્ટિગ્રેશન ડિપાર્ટમેન્ટના સેક્રેટરી (IAS) શ્રી હીરા લાલ પટેલ, એલાયન્સ ગ્રૂપના ડિરેક્ટર શ્રી કુલદીપ પટેલ (સંઘાણી) તેમજ રિગન ફેશન પ્રાઇવેટ લિમિટેડના ચેરમેન શ્રી દિનેશ ધનકાની અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## ગ્લોબલ પાર્ટિસિપેશન અને 88 એક્ઝિબિટર્સ: અશોક જીરાવાલા

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "યાર્ન એક્સ્પોની આ 8મી આવૃત્તિમાં દેશ-વિદેશના 88 એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે. સુરત ઉપરાંત મુંબઇ, અમદાવાદ, નવી દિલ્હી, લુધિયાણા, કોઈમ્બતુર, ઇરોડ, નોઇડા તેમજ ચીનના શાંઘાઈથી એક્ઝિબિટર્સ જોડાયા છે." તેમણે આ પ્રસંગે ચેમ્બરના પૂર્વ પ્રમુખોના પ્રદાનની પણ સરાહના કરી હતી.

## ગિની દેશમાં ટેક્સટાઇલ ક્ષેત્રે રોકાણની તકો: કોન્ટે અલાસ્સેન

દક્ષિણ આફ્રિકાના ગિની દેશના રાજદૂત મિ. કોન્ટે અલાસ્સેને જણાવ્યું હતું કે, ગિની દેશમાં ટેક્સટાઇલ ક્ષેત્રે સંપૂર્ણ વેલ્યુ ચેઇન ઉપલબ્ધ હોવાથી ત્યાં રોકાણ માટે ઉત્તમ તકો રહેલી છે, જેનાથી બંને દેશોના વેપારને નવું બળ મળશે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શના જરદોશે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 5F (Farm to Fibre, Factory, Fashion, Foreign) વિઝનનો ઉલ્લેખ કરી વિશ્વમાં વધી રહેલી રિસાયકલ ફેબ્રિક્સની માગને પહોંચી વળવા સુરતને આહ્વાન કર્યું હતું. વધુમાં તેમણે ગુજરાત સરકારની ટેક્સ્ટાઈલ પોલિસીની પ્રશંસા કરી હતી.

ઉત્તર પ્રદેશ સરકારના નેશનલ ઇન્ટિગ્રેશન ડિપાર્ટમેન્ટના સેક્રેટરી (IAS) શ્રી હીરા લાલ પટેલે સુરતના ઉધોગકારોને 'People, Planet and Profit'નું સૂત્ર આપી કાર્બન ક્રેડિટ, ગ્રીન કંપની મોડલ અપનાવવા અને સુતરાઉ (કોટન) કાપડ તરફ પણ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો

રિધન ફેશન પ્રા. લિમિટેડના ચેરમેન શ્રી દિનેશ ધનકાનીએ માત્ર સસ્તી પ્રોડક્ટ બનાવવાને બદલે રાઇટ પ્રોડક્ટ, રાઇટ ક્વોલિટી, રાઇટ સપ્લાય અને યોગ્ય કિંમત જાળવી પ્રોડક્ટમાં ઇનોવેશન લાવવા જણાવ્યું હતું. તેમણે વધુમાં યાર્ન ડેટા બેંક વિશે માહિતી આપી હતી.

એલાયન્સ ગ્રૃપના ડિરેક્ટર શ્રી કુલદીપ સંઘાણીએ વિવર્સને કમ્પોઝિટ યુનિટ્સ અને ટેકનિકલ ટેક્સટાઇલ્સ તરફ આગળ વધી નવી પેઢીને R&D માટે પૂરતો સમય આપવા જણાવ્યું હતું. ભવિષ્ય વિશે વાત કરતા ઉધોગસાહસિકોને સિસ્ટમ, સસ્ટેઇનબિલિટી અને સ્કેલ પર ફોક્સ કરવું પડશે. ટેકનિકલ ટેક્સટાઈલ પર કાર્ય કરવું પડશે.

યાર્ન એક્સ્પોના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ આંકડાકીય માહિતી આપતાં જણાવ્યું હતું કે, "દેશના કુલ 65% MMF નું ઉત્પાદન એકલું સુરત કરે છે. સુરતમાં પ્રતિ માસ 1.50 લાખ મેટ્રિક ટન પોલિએસ્ટર, 20,000 મેટ્રિક ટન વિસ્કોસ અને 10,000 મેટ્રિક ટન નાયલોન યાર્નનો વપરાશ થાય છે. વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે સુરતે હવે વધુ ઉત્પાદન કરવાને બદલે 'ઝીરો ડિફેક્ટ' અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ફેબ્રિક્સ બનાવવાની દિશામાં આગળ વધવું પડશે."

**11 મહિલા સાહસિકોનું સન્માન અને ઉપસ્થિતિ:** કાર્યક્રમ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે યોજાયેલા 'ભારતીય વ્યાપાર મહોત્સવ'માં સુરતનું પ્રતિનિધિત્વ કરનારાં ચેમ્બરનાં 11 મહિલા ઉધોગસાહસિકોનું મંચ પરથી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન SBC કમિટીના ચેરપર્સન ડો. મન્શાલી તિવારીએ કર્યું હતું અને અંતમાં ઉપપ્રમુખ શ્રી રવિરાજ દેસાઇએ આભારવિધિ કરી હતી. સમારોહમાં માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનીષ કાપડિયા તેમજ પૂર્વ પ્રમુખો સર્વશ્રી વિજય મેવાવાલા, રમેશ વઘાસિયા, હિમાંશુ બોડાવાલા, આશિષ ગુજરાતી, મહેન્દ્ર કાજીવાલા, શ્રી પ્રફૂલ્લ શાહ, શ્રી રૂપિન પચ્ચીગર, શ્રી આશિષ ગુજરાતી અને દિલીપ ચશ્માવાલા સહિત મોટી સંખ્યામાં ઉધોગકારો ઉપસ્થિત રહ્યા હતા.